પ્રકાશકઃ એનઆરજી ફાઉન્ડેશન, ગાંધીનગર          તા. ૧૫ જુલાઈ ૨૦૦૯ • અષાઢ વદ આઠમ, સંવત ૨૦૬૫

પાક્ષિક


# એનઆરજી ટાઇમ્સ

## NRI Marriages Guidelines Seminar Organized by NRG Foundation



Gujarat State Non Resident Gujaratis' Foundation had organized a Seminar on NRI Marriages guidelines on 4th July 2009 at Ahmedabad under the Chairmanship of Hon.

Minister Shri Jay Narayan Vyas, Minister for Health & Family Welfare, Tourism, Yatradham Vikas, Devsthan, co ordination of Voluntary Organisation, & Non Resident Gujaratis Division. Mr.

Yogesh Patel, Parliamentary Secretary was the Chief Guest of the function. (Source: www.nri-gujarat.com)

## કૃષિ ક્ષેત્રે ગુજરાત ૧૦ ટકાના વિકાસ દર સાથે સમગ્ર દેશમાં પ્રથમ સ્થાને

ગાંધીનગર, સોમવાર : મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતમાં કૃષિવિકાસની ક્રાંતિકારી સિદ્ધિઓ દ્વારા સમગ્રતયા ખેતી આધારિત અર્થતંત્રની સમૃદ્ધિને ગ્રામસમાજની સુખાકારી અને સામાજિક માળખાકીય સુવિધાના સૂચકાંકને ઉપર લઈ જવાની સાથે જોડવાની નેમ વ્યકત કરી હતી.

ઈન્ટરનેશનલ ફૂડ પોલિસી રિસર્ચ ઈન્સ્ટીટયુટ (IFPRI) ના ડાયરેકટરશ્રી અશોક ગૂલાટી અને ઈન્ડિયન વોટર મેનેજમેન્ટ ઈન્સ્સટીટુટ (IWMI) ના ડાયરેકટર શ્રી તુષાર શાહે ગુજરાત સમગ્ર દેશમાં કૃષિ ક્ષેત્રે સતત સાત વર્ષમાં સરેરાશ ૯.૬ ટકાના કૃષિવિકાસદર સાથે પ્રથમ ક્રમે પહોંચી ગયું છે તેવા IFPRIના સંશોધનના વિવિધ પાસાઓ અને ગુજરાતના ગ્રામીણ અર્થતંત્ર ઉપર કૃષિવિકાસની સમૃદ્ધિના ભવિષ્યના આગોતરા પડકારો વિષયક પ્રેઝન્ટેશન આજે મુખ્યમંત્રીશ્રી સમક્ષ પ્રસ્તુત કર્યું હતું.

ગુજરાતે બી.ટી. કોટન, અને ફળ-શાકભાજીની બાગાયત ખેતીમાં ક્રાંતિકારી સિદ્ધિઓ મેળવી છે અને તેમાં કૃષિમહોત્સવ, સોઈલ હેલ્થકાર્ડ, ચેકડેમ-ખેતતલાવડી જેવા જળસંરક્ષણના વ્યવસ્થાપન અને સિંચાઈની વૈજ્ઞાનિક પદ્ધતિ દ્વારા ખેડૂતોને સમૃદ્ધિનો માર્ગ બતાવ્યો છે.

આની સાથોસાથ, જ્યોતિગ્રામ યોજના દ્વારા ગ્રામીણ અર્થતંત્રમાં મૂલ્યવર્ધિત સમૃદ્ધિના સર્જનની વિશાળ શકયતાઓ ઉભી થઈ છે તેવું આ સંશોધનમાં પ્રતિપાદિત થયું છે.

કૃષિ આધારિત ગ્રામીણ અર્થતંત્ર માત્ર સંપતિતના સર્જનમાં જ નહડ પરંતુ ગ્રામીણ સમાજમાં સામાજિક સુખાકારી અને ખાસ કરીને ગરીબી નિર્મૂલન, ગરીબ અને પછાતવર્ગોની જીવન સુધારણા તથા કુપોષણ નિવારણ તથા મહિલા બાળ સશકિતકરણના ક્ષેત્રે પણ આ

(અનુસંધાન પાના નં.૨)

## અમેરિકામાં યોજાયેલા ઇન્ટરનેશનલ સાયન્સ એન્ડ એન્જીનિયર ફેર-૨૦૦૯માં ગુજરાતનું નામ સમગ્ર વિશ્વમાં રોશન કરનારી કન્યાઓને મુખ્યમંત્રીશ્રીની શુભકામનાઓ

ગાંધીનગર, સોમવાર : મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ અમેરિકામાં આયોજીત ઈન્ટરનેશનલ સાયન્સ એન્ડ એન્જીનયર ફેર-૨૦૦૯ માં સમગ્ર વિશ્વમાં પોતાના સંશોધન દ્વારા ગૌરવવંતુ દ્વિતીય સ્થાન મેળવનારી ગુજરાતની કુ. હેતલ વૈષ્ણવ અને રાષ્ટ્રિય કક્ષાએ ઝળકેલી કુ. વિધિ પરીખને તેમની જવલંત સફળતા અને રાજયનું નામ રોશન કરવા અંગે આશીર્વાદ અને શુભકામના પાઠવી હતી.

અમેરિકાના રિનો ખાતે યોજાયેલા આ ફેરમાં વિશ્વના વિવિધ દેશોની ૧૧૦૦ ઉપરાંત શોધ-સંશોધન પ્રયોગ કૃતિઓમાં રાજકોટની એસ. જી. ધોળકીયા સ્કુલની વિદ્યાર્થીની કુ. હેતલ વૈષ્ણવે યુઝડ પ્લાસ્ટિક પાઉચના રિસાયકલડગ પ્રોજેકટ રજુ કરીને પર્યાવરણલક્ષી પ્રોજેકટ તરીકે ગૌરવવંતુ દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યું છે. આ જ સ્કુલની અન્ય એક વિદ્યાર્થીની કુ. વિધિ પરીખે રજુ કરેલા 'મોડીફાઈડ રાઈટિંગ પેડ' સંશોધનને પણ રાષ્ટ્રિયકક્ષાએ પુરસ્કાર પ્રાપ્ત થયો છે.

મુખ્ય મંત્રીશ્રીએ આજે વિધાનસભા કાર્યાલય તેમના આશીર્વાદ માટે આવેલી આ બંને તેજસ્વી કન્યાઓની સિદ્ધિને ગુજરાતની ગૌરવસિદ્ધિ ગણાવતાં બાળાઓને ઉત્તારોત્તાર પ્રગતિની શુભેચ્છા પાઠવી હતી.

*(Source:http://www.gujaratinformation.net/press.html)*

## સંસ્કૃતિ : શિવમંદિરમાં કાચબાનું સ્થાન શા માટે?

ભારતવર્ષના પ્રત્યેક શિવમંદિરમાં શિવજીની પૂજાની સાથે સાથે જ કાચબાની પણ પૂજા ભક્તો કરે છે. આ અંગેની એક પૌરાણિક ધર્મકથા છે. એક સમયે દેવરાજ ઈન્દ્રએ કૈલાસપતિ ભગવાન શંકરની પ્રસન્નતા પામવા માટે સ્વર્ગીય ઈન્દ્રપુરીમાં પધારવા આમંત્રણ આપ્યું. શિવજીએ તેનો સ્વીકાર કરી પોતે દેવરાજ ઈન્દ્રના નિવાસ્થાને પધાર્યા.

ઈન્દ્રના દરબારમાં સ્વર્ગીય મંચ પર સુવર્ણના રત્નજડિત સિંહાસન પર શિવજી બિરાજ્યા એટલે તેમને પ્રસન્ન કરવા માટે અપ્સરાઓના નૃત્યનું અને સુરીલા કંઠવાળા ગંધર્વોના ગાનનું આયોજન કર્યું. પરંતુ શિવજીના મુખ પર પ્રસન્નતાની આછી- પાતળી રેખા પણ જોવામાં ન આવી. તેથી નિરાશ થયેલા ઈન્દ્રએ તેમની પાસેના સુખાસન પર બેઠેલા નારદજીને પૂછ્યું : દેવર્ષિ શિવજીના મન પર આવા સર્વોત્તમ અને સુંદર કાર્યક્રમો યોજ્યા છતાં, પ્રસન્નતા દેખાતી નથી, માટે આપ શિવજી પ્રસન્ન થાય એવો કોઈ ઉપાય હોય તો બતાવો.

નારદજીએ કહ્યું : દેવરાજ ! શિવજી તો સંસારમાં રહેવા છતાં પણ પોતે અનાસકત યોગી છે. યોગીઓએ પણ તેમને યોગેશ્વરરનું બિરુદ આપેલ છે એટલે તેમને મન આવાં પ્રલોભનોની કાંઈ કિંમત ન હોય. માટે તમે એમ કરો, શિવજી પોતે પશુપતિનાથ છે. તેમને પશુઓનું કલા - કૌશલ્ય ખૂબ ગમે છે? એટલે તમે પૃથ્વી લોકમાંથી પશુઓ અને પ્રાણીઓ લઈ આવો. એ દરેક પોતપોતાની ઉત્કૃષ્ટ કલાનું પ્રદર્શન કરે તો કદાચ તે જરૂર પ્રસન્ન થશે. નારદજીની સૂચના મુજબ ઈન્દ્રએ પોતાના અનુચરોને વશીકરણ મંત્ર દ્વારા મૃત્યુલોકમાંથી પશુ - પ્રાણીઓને લઈ આવવા આજ્ઞા આપી અને તત્ક્ષણ ઈન્દ્રની આજ્ઞાનો અમલ થયો.

સ્વર્ગીય મંચ ઉપર સિંહ, વાઘ, દીપડા, હાથી, ચિત્તો, વરુ, સર્પ, અજગર, કાચબો ઈત્યાદિ પશુ - પ્રાણીઓને લઈ આવવામાં આવ્યાં. એક કાચબા સિવાય એ સર્વેએ

(અનુસંધાન પાના નં.૨)

## વતનની વાટે.............



શ્રી ભરતભાઈ ડાહ્યાભાઈ ભગત તથા તેમના પરિવાર તરફથી તેમના વતન ભેંસધરા, તા. ધરમપુર, જિલ્લો વલસાડમાં સાંસ્કૃતિક હોલ અને પાણીની ટાંકી બનાવવા માટે રૂ. ૪૨ લાખનું અનુદાન મળ્યું છે.

## Chief Minister Modi's appeal to the people of Gujarat

Recently there has been an unfortunate tragedy, because of which Gujarat has shocked, and personally I also feel great pain. Having anger in reaction to this tragedy as a citizen is natural and I have total sympathy towards victim families. My condolences are with them.

I promise the citizens of Gujarat, that my government is determined to go to the roots of this problem and those responsible will get unimaginable penalty. The government will give no concession in this. But we don't want to stop there, because this problem has always ruined the lives of poor people. I don't want to raise a discussion on what happened and not happened under whose government in past.

The state government has immediately put a probe panel in action. This panel has been requested, not only to find out the truth in this incident but also to suggest long term remedies to make Gujarat free from this problem. (Source: www.gujaratindia.com)

## Pravasan: પ્રાચી

વેરાવળથી ઉના જતા રસ્તે પ્રભાસથી પ્રાચી ૨૩ કિલોમીટર છે. સરસ્વતી નદી અહીં પૂર્વ દિશાએ વહન કરે છે. જેથી અહીં પૂર્વ વાહીની સરસ્વતીમાં સ્નાન કરવાનું તથા શ્રાદ્ધ કરવાનું મહાત્મ્ય છે. પીપળાના વૃક્ષોનો સમુહ છે તથા કિનારે માધવરાયજી અને લક્ષ્મીજીની પ્રતિમા છે.

પુરાણ કથા પ્રમાણે સત્યયુગમાં મુનિવર દધિચિ થઈ ગયા. મુનિવર દધિચિએ દેવતાઓના હિત માટે થઈને, પોતાના શરીરનાં હાડકામાંથી આયુધ બનાવવા માટે, દેવોને પોતાનો દેહ આપ્યો હતો. આ હાડકામાંથી વજ્ર નામનું હથિયાર બનાવી ઈન્દ્રરાજે અસુરોનો રાજા વૃત્રાસુરનો નાશ કર્યો હતો.

દેવો માટે દેહદાન કર્યા પછી મુનિવર દધિચિના પત્નીને પુત્ર પીપ્લાદનો જન્મ થયો. પીપળાના વૃક્ષો સમીપ જન્મ અને ઉછેર થયો તેથી તે પુત્ર પીપ્લાદ કહેવાયો. પિતા દધિચિના દેહ છોડવાનું કારણ દેવો હતા. તેથી પીપ્લાદે દેવોને શત્રુ સમાન સમજી તેનો વિનાશ કરવા હિમાલયમાં તપસ્યા કરી, તપોબળથી વડવાનલ નામનો અગ્નિ ઉત્પન્ન કર્યો અને વડવાનલ અગ્નિને દેવતાઓઓ બાળીને વિનાશ કરવાની પ્રેરણા કરી.

આથી વડવાનલ અગ્નિ સ્વર્ગ તરફ જવા લાગ્યો. સ્વર્ગમાં તેજોમય જવાળાથી દેવતાઓ ઘેરાય ગયા. દેવોએ અગ્નિ ને કહ્યું અમારામાંથી સર્વપ્રથમ વરૂણ દેવનું ભક્ષણ કરો આથી વડવાનલ તથાસ્તુ કહી, દેવોને કહ્યું સર્વ પ્રથમ વરૂણ દેવ પાસે મને લઈ જાવ ભયાનક અગ્નિથી ઘેરાયેલા દેવોની સહાયતા કરવા માતા ગંગાજીએ સોનાકુંભ નામના પાત્રમાં અગ્નિને રાખીને સમુદ્ર સુધી પહોંચાડવા સરસ્વતીને આજ્ઞા કરી.

સરસ્વતી કહે હે માતા જો હું આ અગ્નિના તાપથી બળુ તો તમે મને સહાય થજો. સરસ્વતી હિમાલયથી નીકળી ભૂગર્ભમાં અને જમીન ઉપર વહેતાં વહેતાં અહીં સુધી પહોંચ્યા પછી અગ્નિનો તાપ અસહ્ય થઈ પડયો. જેથી પૂર્વ વાહીની થઈ ગંગાજીનું સહાયતા માટે સ્મરણ કરતાંજ માતા ગંગા બીજા તીર્થોને લઈ અહીં પધાર્યા. ગંગા, યમુના, ગોદાવરી, ગોમતી, સિંધુ, ક્ષિિપ્રા, સરયુ, નર્મદા, કાવેરી, ગંડકી વિગેરે સર્વે તીર્થ જળ ભેગા મળીને પોતાના શિતલ જલનો સરસ્વતીના મસ્તક ઉપર અભિષેક કર્યો.

સરસ્વતીએ વડવાનલને સમુદ્રમાં લઈ જઈ દેવોનું આ મહાન કાર્ય પુરૂ કર્યુ અને વડવાનલ અગ્નિ અગાધ સમુદ્રને બાળવા ગયો. પ્રાચી સંસ્કૃત ભાષાનો શબ્દ છે અને તેનો અર્થ પૂર્વ દિશા એવો થાય છે.

લોકો ભાષા કહે છે કે અહીંથી વડવાનલ સમુદ્રને બાળવા ગયો. જે હજુ પણ આ દરિયાની જલ રાશી ઉપર વારંવાર દેખા દયે છે. હકીકતમાં કુદરતની પણ રહસ્યમય લીલા એવી છે કે પૃથ્વીનો આ ભાગ વિશ્વમાં સહુથી નીચો છે. આખી પૃથ્વી ઉપર ત્રણ ભાગમાં સમુદ્રના પાણી છે અને એક ભાગની જમીન છે. કોઈપણ ચીજ કે કચરો જ્યારે સમુદ્રમાં પડે છે, ત્યારે કિનારા ઉપર ધકેલાય જાય છે. જો કિનારે ન ધકેલાય તો સામ સમુદ્રના પાણીમાં પડેલો વિશ્વનો તમામ કચરો પશ્ચિમના આ દરિયાનાં પાણીમાં ભેગો થયા જ કરે છે. જેને ગોસનો દરિયો કહે છે. સરગોસના આ કચરામાં રાયાાયણિક સંયોજનથી ફોસ્ફરસ નામનો વાયુ બને છે, જેથી પાણી ઉપર કચરામાં ભયંકર અગ્નિ સળગ્યા કરતો હોય છે, જે રાત્રે સ્પષ્ટ દેખાય છે. હજારો વર્ષથી આ પ્રમાણે અગ્નિ પાણી ઉપર સળગે છે. પરિણામે વર્ષાઋતુ જ્યારે બેસે છે ત્યારે અગ્નિમાં દેખાતી બ્લુ જ્યોતનાં રંગવાળા વિશિષ્ટ પ્રકારના છાંટા આ સાગર કાંઠે ઉડે છે. કોઈપણ જીવ કે માનવીની ચામડી ઉપર તેનો સંપર્ક થતાં આગથી દાઝ્યા હોય તેમ બળતરા થઈને ફોલ્લો પડી જાય છે. આ મહાસાગરના ધ્રુવ તરફ વહેતા જતાં સમુદ્રના પાણી સદાય ગરમ હોય છે. વડવાનલ અગ્નિની કુદરતની આવી પ્રમાણિત હકીકત છે.

પ્રાચીએ પિતૃયજ્ઞ અર્થાત શ્રાદ્ધ વિધિ કરવાથી ધન, યશ, પુત્ર પ્રાપ્તિ થાય છે તથા પિતૃઓને પ્રસન્નતા થાય છે. આ પ્રાચી તિર્થ ઉપર મોક્ષવિધિ પરિપૂર્ણ કરવા અને ભાઈ-ભાઈમાં થયેલા વિગ્રહના દોષ નિવારણ માટે ભગવાન શ્રી કૃષ્ણે ધર્મરાજ યુધિષ્ઠરને આજ્ઞા કરી હતી.

પ્રાચી તીર્થ ઉપર ચૈત્ર સુદ દ ૧૩, ૧૪, ૧૫નો મેળો ભરાય છે. સંતાનની કામનાવાળા દંપતિ પ્રાચીએ વિધીસર શ્રાદ્ધ કરી બ્રહ્મ ભોજન કરાવે છે. આથી જમાડશે તે રમાડશે તેમ કહેવાય છે.

**કાચબાનું સ્થાન**

પોતાની શ્રેષ્ઠ કલા અને શક્તિનું કૌશલ્ય બતાવ્યું. તેમ છતાંએ શિવજી પ્રસન્ન થયા નહીં. છેવટે છેલ્લે વારો કાચબાનો આવ્યો અને એ જે પોતાની કલાના નિદર્શન માટે મંચ પર આવ્યો. એક ક્ષુલ્લક પ્રાણી એવા કાચબાની ત્યાં ઉપસ્થિતિનો સર્વ પ્રાણીઓએ વિરોધ કર્યો કે, આ સ્વર્ગીય મંચ પર એક સૂક્ષ્મ પ્રાણી એવા કાચબાને સ્થાન ન હોય. નારદજીની નજર કરુણાસભર કાચબા પર પડી. તેમણે કહ્યું : કાચબો પણ મૃત્યુ લોકનું એક પ્રાણી છે. ભગવાન શિવજીને મન સર્વ પશુ - પ્રાણીઓ સમાન છે? માટે તેને અટકાવી ન શકાય. નારદજીના બોલ સાંભળી કાચબાને હિંમત આવી ગઈ. તેણે મંચ પર આવી સૌ પ્રથમ ભગવાન શિવજીને વંદન કર્યા અને કહ્યું :

મને અનુમતિ મળી એટલે હું માનું છું કે મારું કામ પૂર્ણ થયું છે. કાચબાના આ પ્રમાણે વચન સાંભળી, પોતાની જાતને જ જંગલનો રાજા માનતા સિંહને ખૂબ જ ક્રોધ ચઢયો અને તેણે કાચબાને મારવા પંજો ઉગામ્યો, એટલે કાચબાએ પ્રતિકાર કર્યા સિવાય સ્થિતપ્રજ્ઞ રહી, પોતાના અવયવો અંદર ખેંચી લીધા. સિંહે તેની પીઠ પર પંજો જોરશોરથી માર્યો છતાં કાચબાને કંઈ અસર ન થઈ.

એક નાનકડા એવા કાચબાનું આ પ્રમાણેનું અલૌકિક કલા - કૌશલ્ય નિહાળી, સ્વર્ગીય સભા અને સ્વયં શિવજી પણ પ્રસન્ન થઈ ગયા. શિવજીના મુખ પર પ્રસન્નતા ઉભરાવા લાગી.

શિવજીએ કહ્યું. આજની સભામાં કૌશલ્યની સ્પર્ધામાં પહેલું સ્થાન કાચબાને મળે છે. કાચબાએ નત મસ્તકે પુનઃ શિવજીને નમસ્કાર કર્યા અને પોતાના સ્થાને બેસી ગયો. બસ તે દિવસથી કાચબાને એક અમોઘ શક્તિના પ્રતીક તરીકે સ્વીકારી શિવજીએ પોતાના મંદિરમાં કાયમી સ્થાન આપેલ છે અને તેને પૂજાને પાત્ર બનાવ્યો છે. આ ધર્મકથામાં વર્ણવ્યા પ્રમાણે કાચબો જેમ પોતાનાં અંગોને અંદર ખેંચી લે છે અને સિંહ જેવા મહાપ્રતાપી પ્રાણીને પણ સ્પર્ધામાં પરાજિત કર્યો તેમ પ્રત્યેક માનવીએ સંસારના વિષયોના ભોગ - ઉપભોગ તરફ સતત દોડી રહેલી ઈન્દ્રિયોને અંકુશિત કરી સંયમ દ્વારા વિષયોના વિનાશક આક્રમણમાંથી બચવા માટે સ્થિતપ્રજ્ઞ બનવું.? આમ કાચબો સંયમનું પ્રતિક છે.

## Vanagi: Mung Dalwada

**Ingredients:**

Moong dal - 250 gms

salt to taste

green chilly and ginger Paste

Baking soda - pinch oil to fry

**Method:**

1. Soak moong dal for 3 hours
2. Grind the dal
3. Add salt, baking powder, paste of chilly and ginger
4. leave it for 10 mins.
5. Deep fry on slow gas.
6. Serve hot with date chutney

*Source:http://aroona.sulekha.com/blog/post/2008/02/moong-dal-vada-gujarati.htm*

## કૃષિ ક્ષેત્રે ગુજરાત....

**કૃષિક્રાંતિના પરિણામો કઈ રીતે ઉપકારક બને તથા કૃષિ ઉત્પાદનની સાથે ફળ-શાકભાજીના ઓર્ગેનિક અને ઈમર્જિંગ માર્કેટનો લાભ ગુજરાતના ખેડૂતો કઈ રીતે લઈ શકે તે માટે વિવિધ સૂચનો અંગે આ બેઠકમાં પરામર્શ કરવામાં આવ્યો હતો.**

**આ બેઠકમાં મુખ્યમંત્રીશ્રીએ ગુજરાત સરકાર માનવવિકાસ સૂચકાંક સાથે કૃષિ, પશુપાલન અને ગ્રામીણ અર્થતંત્રની પ્રગતિના પરિણામોને સાંકળવા**